# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


**પ્રેસનોટ-01** **તા:-11-10-2021**

<u>વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના 71 માં જન્મ દિવસની ઉજવણીના ભાગ રૂપે વલ્લભ વિદ્યાનગર ખાતે 71 દિવ્યાંગ ભાઇ- બહેનોને ટ્રાઇસિકલની ભેટ આપવામાં આવી હતી</u>

----

<u>71 દિવ્યાંગોને ટ્રાઇસિકલની ભેટ આપવામાં આવી છે જેનાથી દિવ્યાંગ ભાઇ-બહેનો કોઇના પર નિર્ભર રહ્યા વગર સરળતાથી અવર જવર કરી શકશે.- શ્રી સી.આર.પાટીલ</u>

----

<u>આંણદ ખાતે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ગુજરાતના મુખ્યમંત્રીથી લઇ વડાપ્રધાનના સુશાસિત વીસ વર્ષના સંભારણા રૂપે આંણદના ચિખોદરા ચોકડી ખાતે ભિત-ચિત્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.</u>

----

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ એક અખબારી યાદીમા જણાવે છે કે આજ રોજ તારીખ 11 ઓક્ટોબર 2021ના રોજ ગુજરાતના પનોતા પુત્ર,ગ્લોબલ લીડર એવા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના 71 માં જન્મ દિવસની ઉજવણીના ભાગ રૂપે વલ્લભ વિદ્યાનગર ખાતે 71 દિવ્યાંગ ભાઇ-બહેનોને ટ્રાઇસિકલ ભેટ આપવામાં આવી હતી.ગુજરાત પ્રદેશના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના વરદ હસ્તે 71 દિવ્યાગોને ટ્રાઇસિકલનું વિતરણ કરવામાં આવ્યું હતું અને સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના ગુજરાતના મુખ્યમંત્રીથી લઇ વડાપ્રધાનના સુશાસિત વીસ વર્ષના સંભારણા રૂપે આંણદના ચિખોદરા ચોકડી ખાતે ભિત-ચિત્રોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જે રીતે દિવ્યાંગોને પ્રોત્સાહન આપવા માટે અલગ-અલગ પ્રવૃતિઓ કરે છે અને તેમને જીવનમા આગળ વધવા માટે પ્રોત્સાહન આપે છે જેના કારણે ઘણા દિવ્યાંગો રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતી મેળવી ચુકયા છે. જેને આગળ ધપાવતા આ પ્રસંગે અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે જણાવ્યું હતું કે આદરણીય વડાપ્રધાનશ્રીના જન્મ દિવસથી શરૂ થયેલ સેવા અને સમર્પણ યાત્રા દ્વારા સમગ્ર ગુજરાતભરમાં અનેક સેવાકીય કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા જેના ભાગ રૂપે વલ્લભ વિદ્યાનગર પાલિકા દ્વારા 71 દિવ્યાંગોને ટ્રાઇસિકલ આપવામાં આવી છે ટ્રાઇસિકલ દિવ્યાંગ ભાઇ-

બહેનોને કોઇના પર નિર્ભર રહ્યા વગર સરળતાથી અવર જવર કરવામાં આ ટ્રાઇસિકલ મદદરૂપ થશે.પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે દિવ્યાંગોને મદદરૂપ અને અગત્યની ભેટ આપવા બદલ વલ્લભ વિદ્યાનગર નગરપાલિકાના પ્રમુખશ્રી અને ઉપપ્રમુખશ્રી સહિત કોર્પોરેટરશ્રીઓ અને આગેવાનોનો આભાર માન્યો હતો અને આંણદના ચિખોદરા ચોકડી ખાતે અંડરબ્રીજની દિવાલોમાં દેશના લોહ પુરુષ એવા સરદારવલ્લભાઇ પટેલેજીએ આંણદ માટે શું વિશિષ કર્યું છે અને સરદાર વલ્લભાઇ પટેલે લોહ પુરુષ તરીકે ફકત મજબૂત નીર્ણયો નથી લીધા પરંતુ આર્થિક રીતે પણ આંણદ મજબૂત થાય તેના માટે સફળ પ્રયત્નો કર્યા અને સ્વચ્છતાનો સંદેશ લોકો સુધી પહોંચે તે અંગે દિવાલો પર સુદર ચિત્રકામ કરવામા આવ્યું છે તે બદલ મહિલા મોરચાના પ્રદેશ મંત્રીશ્રીમતી નીપાબેન પટેલ સહિત ચિત્રકામના આર્ટીસ્ટોને શુંભેચ્છા પાઠવી હતી.

આ કાર્યક્રમ માં ભાજપ ના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી આર પાટીલ સાહેબ ,પ્રદેશ મહામંત્રી શ્રી ભાર્ગવભાઇ ભટ્ટ ,મહિલા મોરચાના પ્રદેશ મંત્રીશ્રીમતી નિપાબેન પટેલ, આણંદ જિલ્લા પ્રભારી શ્રી અમિતભાઇ ઠાકર , આણંદ જિલ્લા ના સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ , જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી વિપુલભાઈ પટેલ , ઉમરેઠ ના ધારાસભ્ય શ્રી ગોવિંદભાઇ પરમાર , ખંભાત ના ધારાસભ્ય શ્રી મયુરભાઈ રાવલ , જિલ્લા મહામંત્રી શ્રી રમણભાઈ સોલંકી , નીરવભાઈ અમીન , મયુરભાઈ સુથાર તથા વિદ્યાનગર નગર પાલિકા ઉપપ્રમુખ શ્રી મહેન્દ્રભાઈ પટેલ (બાબા કાકા ) ઉપસ્થિત રહ્યા હતા .

ડૉ.યજ્ઞેશ દવે
પ્રદેશ મિડિયા કન્વીનર